હિંદુસ્તાનની ભૂગોળનું તારણ.

ચોથા ધોરણના વિદ્યાર્થીઓને માટે

રચનાર

ભાયાણી વનમાળી કેશવજી.

પ્રસિદ્ધકર્તા

વોહોરા અબ્દુલહુસેન આદમજી

બુકસેલર

ભાવનગર.

AHMEDABAD.

Printed by Savaibhai Raichund at the "Sumshare Bahadore" Press.

સંવત ૧૯૪૫—સને ૧૮૮૯

કીંમત રૂ૦—૨—૬

૩૯૨૨

हिंदुस्तानन्नी भूगोळनुं तारण.

સામાન્ય વર્ણન.

સીમા—ઉત્તરે હિમાલય પર્વત, ઇશાને આશામ દેશ, પૂર્વે બંગાળાની પૂર્વના કેટલાક ડુંગરો, ને સ્વતંત્ર સંસ્થાનો તથા બંગાળાનો ઉપસાગર. દક્ષિણે હિંદી મહાસાગર, ને પશ્ચિમે પબ, હાલા, ને સુલેમાન નામે ડુંગરાની હારો છે. આ ડુંગરાની પેલી મેર બલુચિસ્તાન ને અફગાનીસ્તાન નામે દેશો છે.

સમુદ્ર અને કીનારો—હિંદુસ્તાનનો સમુદ્ર કિનારો ઘણો લાંબો છે એટલે સિંધુ નદીના મૂખથી ભાગીરથી ને બ્રહ્મપૂત્રાના મૂખ સુધી છે. પરંતુ સોઇવાળાં અને નિર્ભય બંદર થોડાંજ છે.

પર્વત—હિમાલય, તે દુનીયામાં સર્વથી ઉંચો છે. ને તેના મથાળે હમેશાં બરફ રહે છે. સાતપૂડો, વિંધ્યાચળ, સંહ્યાદ્રી ઉર્ફે પશ્ચિમ ઘાટ, હાલા, સુલેમાન, કારાકોરમ, અરવલ્લી, આબુ, ગીરનાર, નિલગીરી વીગેરે ઘણાં છે.

કુદરતી ભાગો—હિંદુસ્તાનના મોટા કુદરતી બે ભાગો છે. ઉત્તર હિંદુસ્થાન ને દક્ષિણ હિંદુસ્તાન. આ બે ભાગો વચ્ચે વિંધ્યાચળ પર્વત છે.

ઉત્તર હિંદુસ્તાનના મોટા કુદરતી ભાગો છ છે. હિમાલયની તળેટીનો ઢળતો પ્રદેશ. ૨ સિંધુ નદીનો પ્રદેશ. ૩ રેતીનું રણ.

૪ મધ્ય હિંદુસ્તાનનો ને રજપૂતસ્થાનનો ઉંચો પ્રદેશ. ૫ ગંગા નદીનો પ્રદેશ. ૬ બ્રહ્મપુત્રાનો પ્રદેશ. દક્ષિણ હિંદુસ્તાનના મોટા કુદરતી ભાગો ચાર છે. ૧ નર્મદા નદીનો પ્રદેશ. ૨ શુધ્ધ દક્ષિણ. ૩ પૂર્વકાંઠાનો નિચાણનો પ્રદેશ. ૪ પશ્ચિમ કાંઠાનો નિચાણનો પ્રદેશ.

રાજયકીય વિભાગો—૧ મદ્રાસ ઇલાકો. ૨ મુંબઇ ઇલાકો. ૩ મ્હૈસુર અને કુર્ગ, ૪ વરાડ ને નિઝામનું રાજ્ય, ૫ મધ્ય પ્રાંતો. ૬ મધ્યહિંદ એજન્સી, ૭ રજપૂત સંસ્થાનો, ૮ પંજાબ ઇલાકો, ૯ વાયવ્ય પ્રાંતો. ૧૦ અયોધ્યા પ્રાંત, ૧૧ બંગાળા ઇલાકો. ૧૨ આશામ પ્રાંત. ૧૩ નેપાળ ભૂતાન વિગેરે સ્વતંત્ર પહાડી સંસ્થાનો. ૧૪ ફ્રેંચ અને ફીરંગીનાં જૂદાં જૂદાં સંસ્થાનો.

મુખ્ય નદીઓ—૧ ગંગા ઉર્ફે ભાગીરથી, તે ભાગીરથી, જાન્હવી, ને અકલનંદા એ ત્રણ નદીયો મળીને બનેલી છે તેનું મૂળ હિમાલય પર્વતના ગંગોત્રી શિખરમાં છે. આ નદીને બીજી કેટલીક નાની નદીઓ મળે છે તેમાંની મુખ્ય.—યમુના, ગોમતી, ઘોગરા, ગંડકી, કૌશકી, રાપતી, ભોગાવતી, રામગંગા, મહા, તીસ્તા, તાનસી, કર્મનાશા, શોણ ઉર્ફે સુવર્ણ ભદ્ર વીગેરે છે. તે પરના મુખ્ય નગરો.—બદ્રીનાથ, શ્રીનગર, હરીદ્વાર, મીરત, ફરૂકાબાદ, કનોજ, કાનપોર, ફતેપુર, અલ્હાબાદ, મીરજાપુર, કાશી, ગાજીપુર, ચુનાર, બકસર, દીનાપુર, પટણા, મોંગીર, ભાગલપુર. રાજમેહેલ, મુર્શિદાબાદ, વીગેરે છે. આ નદી ૧૫૦૦ મૈલ લાંબી વહી બંગાળાના ઉપસાગરને મળે છે.

૨ સિંધુ—તે ટીબેટ દેશના માન સરોવરમાંથી નીકળી પંજાબ તથા સિંધ દેશમાં વહી અરબી સમુદ્રને મળે છે. તેને પંજાબ

દેશની, જેલમ, ચીનાબ, રાવી, ધારા, બ્યાસ, અને સતલજ મળેછે. તે પર મુખ્ય નગરો.—લેહ, અટક, કાલાબાગ, ડેરા ઇસ્માલખાન, ડેરા ગાજીખાન, મીટનકોટ, શિકારપૂર, સકકર, બકકર, રૈરી, સેવાન, હાલા, હૈદરાબાદ, ઠઠ્ઠા, કરાંચી, મીઆણી, કોટ્રી વીગેરે છે.

૩ **બ્રહ્મપુત્રા**—તે ટીબેટ દેશના માન સરોવરમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળેછે. તેને મળનારી નદીઓ—દીબોંગ, દીહાંગ. સુરમા, બરક, ગોમતી, ગદદા, ચંપામતિ, નિલકુમર, તીસ્તા વીગેરે છે. તે પરના મુખ્ય નગરો—તેજપુર, ગોહાતી, નીયોગામ, ધાકા, ગોવલપરા, દરંગ, રંગમતી, જમાલપર વીગેરે છે. આ નદી ૧૮૦૦ મૈલ લાંબી છે.

૪ **ઇરાવતી**—એ હિમાલય પર્વતમાંથી નીકળી પ્રોમ, રંગુન, ને વસઇ પાસે થઇ બંગાળાના ઉપસાગરને મળે છે.

૫ **નર્મદા**—એ અમરકંટકના ડુંગરમાંથી નીકળી મધ્ય પ્રાંતો, ભોપાળ, તથા હોલ્કરના રાજ્યમાં વહી ખંભાતના અખાતને મળે છે. તેના પર જબલપર, હુસંગાબાદ, નિમાડ, મંડલેશ્વર, ચાણોદ, કન્યાળી, નાંદોદ, ભરૂચ વીગેરે શેહેરો છે.

૬ **તાપી**—સાતપૂડા પર્વતમાંથી નીકળી મધ્ય પ્રાંત, ખાનદેશ ને ગુજરાતમાં વહી ખંભાતના અખાતને મળે છે તે પર બુરાનપુર, સુરત, ઇલીચપુર, રાંદેર વીગેરે શેહેરો છે.

૭ **મહા નદી**—આ નદીનું મૂળ ગોંડ વનમાં છે. એ ત્યાંથી નીકળીને પ્રથમ ઉત્તર ભણી ને પછી પૂર્વ ભણી વળીને મધ્ય પ્રાંત તથા ઓઢીયામાં વહી બંગાળાના ઉપસાગરને મળે છે. તે પર સંબલપુર તથા કટક વીગેરે શેહેરો છે. આ નદીમાંથી તેમજ તેને

મળનારી બીજી નાની નદીયોમાંથી હીરા જડે છે.

૮ **સાબરમતી**—રજપૂતસ્થાનના ઢેબર સરોવરમાંથી નીકળી દક્ષિણ ભણી વહી ખંભાતના અખાતને મળે છે. તેપર સાદરા, અમદાવાદ, વીગેરે શેહેર છે.

૯ **મહી**—તે માળવાના ડુંગરમાંથી નીકળી નૈઋત્ય દીશા ભણી વહી લુણાવાડા તથા ખંભાત પાસે થઇ ખંભાતના અખાતને મળે છે.

૧૦ **સુવર્ણરેખા**—બહાર પ્રાંતમાંના છોટા નાગપૂરના ડુંગરમાંથી નીકળી અગ્નીકોણ ભણી વહી બંગાળાના ઉપસાગરને મળેછે.

૧૧ **વૈતરણી**—છોટા નાગપૂરના ડુંગરમાંથી નીકળી પોઇંટ પાલમયરા પાસે થઇ બંગાળાના ઉપસાગરને મળે છે. તેનું મુળ નામ ધૃમા છે.

૧૨ **બ્રાહ્મણી**—ઉર્ફે બ્રહ્માણી, એનું મૂળ પાલામઉ પ્રાંતમાં છે, ત્યાંથી અગ્ની દીશા ભણી વહી બંગાળાના ઉપસાગરને મળે છે.

૧૩ **ગોદાવરી**—નાશિક ત્રંબકના ડુંગરમાંથી નીકળી પૂર્વ ભણી વહી બંગાળાના ઉપસાગરને મળે છે. તેને વાઇનગંગા, વર્ધા, પૂર્ણા, માંજરા, પરવરા, વીગેરે નદીઓ મળે છે. તે પર નાશીક, પૈઠણ, નાંદેડ, નિર્મળ, રાજમેહેંદ્રી, ધવલેશ્વર વીગેરે શેહેરો છે.

૧૪ **કૃષ્ણા**—મહાબળેશ્વર પાસેથી નીકળી, મહારાષ્ટ, નિઝામને ઉત્તર સરકાર પ્રાંતમાં વહી બંગાળાના ઉપસાગરને મળે છે. તેને બીજી નાની ઘણી નદીયો મળે છે. તેમાંની મુખ્ય વેણા, કોયના, વારણા, પંચગંગા. ઘટપ્રભા, મલપ્રભા, તુંગભદ્રા, ભીમા, દીંડી, મુશી વીગેરે છે, તે પર મુખ્ય શેહેરો વાઇ, કન્હાડ, મચ્છલીપટ્ટણ વીગરેછે.

૧૫ કાવેરી—એ સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી મ્હૈસુર તથા કર્ણાટકમાં વહી, બંગાળાના ઉપસાગરને મળે છે. તેપર મ્હૈસુર, શ્રીરંગપટ્ટણ, પંજાવર, ત્રીચીનાપલ્લી, ત્રાંકવીબાર, વીગેરે શેહેરો છે.

૧૬ જમના—હિમાલયપર્વતના જન્મોત્રી શિખરમાંથી નીકળી વાબ્યપ્રાંતમાં વહી અલ્હાબાદ આગળ ગંગાને મળે છે. ચંબલને બેટવા તે જમનાની શાખાઓ છે તેપર શાહરાણપૂર, કર્નાલ, પાણીપત, મુજફ્ફરનગર, દીલ્હી, મથુરા, આગ્રા, કાલ્પી, ઇટાવા, અલ્હાબાદ, હમીરપુર વીગેરે શેહેરો છે.

૧૭ સતલજ—રાવણહૃદ સરોવરમાંથી નીકળી સિંધુને મળે છે. બ્યાસ ને ચિનાબ એ તેની શાખાઓ છે તેપુર સીમલા, લુધીયાના સોબ્રાઉન, ફીરોજપુર, ભાવલપુર, ને ઉચ વીગેરે શેહેરો છે.

મુખ્ય સરોવરો—ચીલકા, કોલર, પુલીકાટ, સાંબર, લુનાર, મંચર, ઢેબર વીગેરે છે.

સામુદ્રધુની—હિંદુસ્તાન તથા લંકા વચ્ચે **પાલ્ક**ની તેમજ રામેશ્વરબેટ તથા લંકા વચ્ચે એક નાની સરખી સામુદ્રધુની છે.

અખાત—કચ્છનું, ખંભાતનું, તથા મનારનું છે.

ઉપસાગર—બંગાળાનો છે.

ભુશિર—કુમારીકા તે હિંદુસ્તાનને દક્ષિણ છેડે. પોઇંટકાલીમેર તે કાવેરી નદીના મુખ પાસે. પોઇંટપાલમયરા તે કટક પ્રાંતને કિનારે. કેપરામાસ તે મલબારને કિનારે. જગતપોઇંટ તે ગુજરાતને કિનારે. ને કેપમોંજ્જ તે સિંધદેશને કિનારે છે.

બેટો—લંકા, દીવ, મુંબઇ, સાષ્ટી, ધારાપુરી, કરંજે, રામેશ્વર, મનાર, માલદીવ, લખદીવ, નીકોબાર, આન્ડમાન્ડ વીગેરેછે.

પવિત્ર નદીયો—બ્રહ્મપુત્રા, સિંધુ, ગંગા, ગોદાવરી, કૃષ્ણા, જમના, નર્મદા, ભાગીરથી, ગોમતી, તાપી, સરસ્વતિ, વીગેરે.

સ્વતંત્ર દેશી રાજ્યો—નેપાલ, ભુતાન, ને મણીપૂર.

ફ્રેંચના સંસ્થાનો—પોંદીચેરી, માહી, કારીકલ, યાનાન, ચંદ્રનગર વીગેરે.

ફીરંગીના સંસ્થાનો—દીવ, દમણ ને ગોવા.

હબશીના રાજ્યો—જંજીરા ને જાફરાબાદ.

જાત્રાના સ્થળો—દ્વારીકા, પ્રભાસપટ્ટણ, ગીરનાર, શેત્રુંજો. ચાણોદ કન્યાળી, નાશીક, પંઢરપુર, રામનાથ, જગન્નાથ, ગયા, પ્રયાગ, મથુરાં, અયોધ્યા, બદ્રીનાથ, કેદારનાથ, પુષ્કરજી વીગેરે છે.

છાવણીની જગાઓ—મુંબઇ, પુના, માલેગામ, ડીસા, લુણાવાડા, સાદરા, ખંભાત, નારકોટ, રાજકોટ, ભુજ, હૈદરાબાદ, બેંગલોર, મદ્રાસ, કલકતા, જાલના, સિકંદરાબાદ, માંડુ, નસીરાબાદ, પ્રયાગ, કાંમટી, લાહોર, ઇંદોર, નીમચ, નાગપુર, અમદાવાદ, વડોદરા, બેલ્હેરામપુર, પટણા, કાનપર, મીરત, દીલ્હી, શીમલા, માહુ, ઇલીચપુર, આરકાટ, કરાંચી, બેંગલુર, બરાકપુર, ગોવાલીયર, બુરાનપૂર વીગેરે છે.

હિંદુસ્તાનની મુખ્ય નદીયોનાં મૂળ.

હિમાલય પર્વતમાંથી-સિંધુ, જેલમ, ચીનાબ, રાવી, બીયાશ, સતલજ, જમના, ગંગા, ઘોગરા, રાપતી, ગંડકી, કુશી, બ્રહ્મપુત્રા વીગેરે નદીયો નીકળે છે.

રજપૂત સંસ્થાનોમાંથી—સાબરમતી, લુણી વીગેરે નીકળે છે.

મધ્ય પ્રાંતમાંથી-નર્મદા, તાપી, વાઇનગંગા, પેનગંગા, મહી વીગેરે નદી નીકળે છે.

બંગાળા ઇલાકામાંથી—સુવર્ણરેખા, બ્રાહ્મણી, વૈતરણી, હુગલી વીગેરે નીકળે છે.

સંહ્યાદ્રીપર્વતમાંથી—ગોદાવરી, કૃષ્ણા, ભીમા, તુંગભદ્રા, મૂળામુઠા, ઘટપ્રભા, મલપ્રભા, કાવેરી, વીગેરે નદીયો નીકળે છે.

માળવામાંથી—ચંબલ, બેટવા, પાર્વતિ વીગેરે નીકળે છે.

નિઝામના રાજ્યમાંથી—દુધના, પૂર્ણા, માંજરા, મુસી વીગેરે નીકળે છે.

મ્હૈસુરમાંથી—પન્નાર ને દક્ષીણ પન્નાર નીકળે છે.

બુંદેલખંડમાંથી—સોણ નીકળે છે.

હિંદુસ્તાનની મુખ્ય નદીયોના મુખ

બંગાળાના ઉપસાગરને—કાવેરી, કૃષ્ણા, ગોદાવરી, પન્નાર, ગંડલકામા, પુલ્લાર, મહા, વૈતરણી, બ્રાહ્મણી, સુવર્ણરેખા, ગંગા, હુગલી, બ્રહ્મપુત્રા, ઇરાવતી વીગેરે નદીયો મળેછે.

ખંભાતના અખાતને—સાબરમતી, મહી, નર્મદા, તાપી, ઢાઢર, કીમ, સુકભાદર, શેત્રુંજી વીગેરે નદીયો મળેછે.

કચ્છના રણને મળનાર—મચ્છુ, ફલકુ, બાંભણ, બનાસ, સરસ્વતિ, લુણી વીગેરે છે.

અરબી સમુદ્રને મળનાર-સિંધુ, ભાદર, દમણગંગા વીગેરેછે.

કચ્છના અખાતને મળનાર—આજી વીગેરે છે.

માર્ટાબાનના અખાતને મળનાર—ઇરાવતી વીગેરે.

મોટાં બંદરો—કરાંચી, શાહબંદર, લખપત, માંડવી, જોડીયા પોરબંદર, વેરાવળ. મહુવા, ઘોઘા, ભાવનગર, ધોલેરા, ખંભાત, ભરૂચ, સુરત, વલસાડ, દમણ વસઇ, મુંબઇ, રાજાપુર, રત્નાગીરી,

વિજયદુર્ગ, કારવાડ, હોનાવર, મંગલુર, કાનાનુર માહી, કાલીકોટ, બે-પુર, કોચીન, તુતુકોડી, પોંદીચેરી, મદ્રાસ, મચ્છલીપટ્ટણ, ગંજામ, જગન્નાથ, બાલાસોર, કટક, ચીતાગાંગ, કલકત્તા, રંગુન, મુલમીન, વિશાખાપટ્ટણ, પોર્ટનોવા, ત્રાંકવીબાર, કારીકલ, આરપલ્લી, જાફરાબાદ વીગેરે ઘણાં છે.

ખનીજ પદાર્થ—લોઢું, ત્રાંબુ, કોયલા, સુરોખાર, કલઈ, મીઠું, સોનું, રત્ન, હિરા, મોતી વીગરે છે.

પેદાશ—અફીણ મજીઠ. કપાસ, એ મુખ્ય છે તે શિવાય, અનાજમાં બાજરો, જુવાર, ઘઉં ચોખા, કઠોર, વીગરે, લાકડામાં સાગ, બાવળ, ચંપો આંબા, વીગરે કરીયાણામાં સોપારી, મરી, એલચી, કાફી વીગરે વિગરે છે.

વિભાગવાર હકીકત.

૧ મદ્રાશ ઈલાકો.

હદ—ઉત્તરે નિઝામનું રાજ્ય, મધ્યપ્રાંત, મુંબઇ ઇલાકો, ને બંગાળાનો થોડો ભાગ--બાકી બીજી બધી દિશામાં દરીયો છે.

પર્વત—નિલગીરી, પુર્વઘાટ, પશ્ચિમઘાટ, સીંહાદ્રી અને પોલચી.

નદી—ગોદાવરી, કૃષ્ણા, કાવેરી, પન્નેર, પન્નાર, પુલાર

સરોવર—પાલીકોટ, કોલર, ચીલકા વીગરે છે

વિભાગવાર મુખ્ય શેહેરો.

૧ ઊતર સરકાર—ગંતુર, મચ્છલી પટ્ટણ, રાજમેંહેદ્રી, વિ-

શાખાપટ્ટણ, વિજયનગર, શ્રીકાકોલમ, ગંજામ,

૨ **કર્ણાટક**—મદ્રાસ, નેલોર, ચીંગલપટ્ટ, પોંદીચેરી, તંજાુર. ત્રીચીનાપલી ને ગડલુર,

૩ **બાલાઘાટ**—કડપા, કડલુર, બેલારી.

૪ **કોઈમ્બતુર ને સાલેમ**—સાલેમ, કોઇમ્બતુર ને હોસુર.

૫ **મલબાર ને દક્ષિણ કાનડા**—કાલીકટ, કોચીન, તાલીચેરી- કાનાનુંર, મંગલુર

૬ **કુર્ગ**—મરકારા

શેહેરવાર પ્રખ્યાતી—મદ્રાસ, તે રાજધાનીનું શેહેર છે. ત્રીચીનાપલ્લીમાં તંબાકુની, બીડીયો થાય છે. ગંતુર ને મચ્છલીપટ્ટણ કૃષ્ણાપર છે. રાજમેહેંદ્રી, ગોદાવરીપર છે. વેલુર પુલારપર છે. નેલુર પનારપર છે. કારીકલ ફ્રેંચને તાબે છે. રામેશ્વર ને કાંચીવરમ તીર્થની જગ્યા છે. ચીતુર પલ્લારની શાખાપર છે. તીનવલ્લી તામ્રપરણી નદીપર છે. કર્નુલ તુંગભદ્રાપર છે.

નિકાશ—રૂ, ગળી, તલ, દીવેલ, ઘુન, ખાંડ, ડાંગર, ચામડાં. લાકડાં વીગેરે.

૨ મ્હૈસુર—

હદ—ઉત્તરે મદ્રાશ ઇલાકો ને મુંબાઇ ઈલાકો, દક્ષિણે ને પૂર્વે મદ્રાસ ઇલાકો, ને પશ્ચિમે ઉત્તર કાનડા ને મલબાર,

પર્વત—નંદીદુર્ગનો છે.

નદીયો—તુંગભદ્રા, પન્નેર, પનાર, પુલાર, કાવેરી વીગરેછે.

વિભાગવાર શેહેરો.

મ્હેસુર—મૈસુર, શ્રીરંગપટ્ટણ બંગલુર, વીગરે છે.

શેહેરવાર પ્રખ્યાતી—શ્રીરંગપટ્ટણ કાવેરી નદીપર રાજધાનીનુ શેહેર છે. સિવાય કાવેરીપર મ્હૈસુર છે. બંગલુર તે રેલવે સ્ટેશન છે. સીમુંગા તુંગભદ્રાપર છે.

નિકાશ—રૂ, ગળી, તલ, દીવેલ, ઉન, ખાંડ, ડાંગર, ચામડાં, લાકડાં વીગરે—

---

૩ વરાડ તથા નિઝામ.

હદ—ઉત્તરે મધ્યપ્રાંત, દક્ષિણે મદ્રાશ ઇલાકો, પુર્વે મધ્યપ્રાંતને મદ્રાસ ઇલાકાનો થોડો ભાગ ને પશ્ચિમે મુંબાઇ ઇલાકો છે.

નદીયો—ગોદાવરી, કૃષ્ણા, ભીમા, તુંગભદ્રા, માંજરા, પેનગંગા, વર્ધા વીગરે—

વિભાગવાર શેહેરો

વરાડ..................અકોલા ઉમરાવતી

નલદુર્ગ..................નલદુર્ગ, કલ્યાણી.

રાયચોર દુઆબ.........રાયચુર, મુગદલ.

હૈદરાબાદ..................હૈદરાબાદ ગોવલકોંડા, વરંગુલ

બેદર..................બેદર, કુલબર્ગ

ઔરંગાબાદ..............ઔરંગાબાદ. દોલતાબાદ, જાલના,

ઇલીચપુર અથવા વરડી...મૈકર, બસીમ, માહુર—

શેહેરવાર પ્રખ્યાતી—હૈદરાબાદ મુસીપર રાજધાનીનું શેહેર છે. શીકંદરાબાદ ને જાલનામાં લશકરી કાંપ છે. ગોવલકોંડામાં હીરા નીકળે છે. બેદર માંજરા ઉપર છે તેમાં પીતલનાં વાસણ સારાં થાય છે. ઔરંગાબાદ દુધનાપર છે. તેમાં રેશમી તથા શુતરાઉ કાપડ થાય છે. દોલતાબાદ ઉર્ફે દેવનગરી ત્યાં રામદેવની રાજધાની હતી.

નિકાશ—રૂ. કોયલા વીગેરે છે.

૪ મધ્યપ્રાંત

હદ—ઉત્તરે બુંદેલખંડ, રેવા, ને બંગાળાનો થોડો ભાગ. દક્ષિણે નિઝામ ને મદ્રાસ ઇલાકો. પુર્વે બંગાળાને મદ્રાસ ઇલાકો. પશ્ચિમે ભોપાળ, ઇંદુર ને બીજાં દેશી રાજ્યો છે.

પર્વત—સાતપુડો, વિંધ્યાચળ ને અમરકંટકનો છે.

નદીયો—નર્મદા, તાપી, મહા, વર્ધા, વાઇનગંગા વીગેરેછે.

વિભાગવાર શેહેરો

૧	નાગપુર... ...	નાગપુર કમત, ભેંડાર, ચાંદા હિંઘણઘાટ
૨	નર્મદા..... ...	બુરાનપુર, હુસંગાબાદ, બૈતુલ, ચીંદવાડા.
૩	જબલપુર... ...	જબલપૂર, સેઓણી, દુમોહ, સાગર—
૪	છતીશગઢ	રાયપુર, રતનપુર, બેલાસપૂર, સંબલપુર
૫	ઉપલું ગોદાવરીનું બુસ્તર......	જગદલપુર

શેહેરવાર પ્રખ્યાતી.

નાગપુર નાગનદીપર છે તેમાં રેશમી ધોતીયાં સારાં થાય છે.

કામટી ને સાગરમાં લશ્કરી કાંપ છે. હિંગણઘાટ વર્ધાપર છે તેમાં રૂનો વેપાર સારો ચાલે છે. છીંદવાડાની હવા સારી છે. સંબલપૂર મહા નદીપર છે તેમાંથી હીરા નીકળે છે. જબલપુર નર્મદાપર છે ત્યાંના તંબુ વખણાય છે. બુરાનપુર તાપીપર છે તેમાં શેલાં સારાં થાય છે. ભેંડાર ભરત કામને માટે જાણીતું છે.

નિકાસ—સાગ, ઘઉં, શેરડી, રૂ, તલ દીવેલ, અફીણ, કોયલા વીગેરે.

૫ મધ્ય હિંદ એજનસી.

હદ—ઉત્તરે રજપૂત સંસ્થાન ને વાવ્ય પ્રાંત; દક્ષિણે ખાનદેશ ને મધ્યપ્રાંત, પૂર્વે વાવ્ય પ્રાંત ને બંગાળા ઇલાકો, ને પશ્ચિમે રજપૂત સંસ્થાન ને ગુજરાત છે.

નદીઓ—ગોવાલિયર ને માળવામાં ચંબલ, સિંધ, બતવા ને ક્ષિપ્રા તથા બુંદેલખંડને રેવામાં સોણ, બતવાને કેન છે.

માળવાનાં વિભાગવાર શેહેરો.

૧	ધોલપૂર...	ધોલપૂર.
૨	ગોવાલીયર અથવા ... સિંધીયાનું રાજ	ગોવાલીયર નીમચ, ચંદેરી, મંદેસર, ઉજ્જન
૩	ઇંદોર અથવા હોલકર... નું રાજ્ય	ઇંદોર, મૌ, સમપુર, મેહાદપૂર ભાણપૂર
૪	ભોપાળ	ભોપાળ, સિંહુર.
૫	દેવાસ	દેવાસ અને સંદુરસી.

૬	ધાર	ધાર.
૭	જાવરા	જાવરા
૮	રતલામ	રતલામ
૯	જંબુઆ	જંબુઆ
૧૦	અમઝેર	અમઝેર
૧૧	બરવાણી...	બરવાણી
૧૨	ટોંક અથવા અમીર ખાનનો મુલક ...	શ્રીરંજ, ચપ્ર, ટોંક, રામપુર ને નિંબેરા.
૧૩	ઓમતવાડા	રાજગઢ ને નરસીંહગઢ
૧૪	અલીરાજપૂર	રાજપૂર

પ્રખ્યાતીવાળાં શેહેરો—ગોવાલીયર તે ડુંગરી કીલ્લો છે. ને તેમાં સિંધીયા સરકારની રાજધાની છે. મંદેસર, ચંબલપર છે. ઉજ્જન ક્ષીપ્રાપર છે. તેમાં વિક્રમની રાજધાની હતી. નિમચ ને માહુરમાં લશ્કરી કાંપ છે. ઇંદુર, ક્ષીપ્રાપર હોલકરની રાજધાની છે. રતલામમાં અફીણ થાય છે. ઝાન્સી ને દત્યામાં જૈનના દેવળ છે. પનામાં હીરાની ખાણો છે. ચંદેરીની પાઘડીયો વખણાય છે. તેહેરી ચંબલપર છે.

નિકાસ—અફીણ તમાકુ ને માળવી બળદ વીગેરે.

---

૬ રજપુત સંસ્થાન.

હદ—ઉત્તરે સતલજ નદી ને પંજાબ ઇલાકો, દક્ષિણે ગુજરાત પૂર્વે આગ્રા, ગોવાલીયર ને ઇંદોરના સંસ્થાનો, ને પશ્ચિમે સિંધપ્રાંત છે.

પર્વત—આબુ તથા અરવલ્લીનો છે. તેમાં આબુ ઘણોજ શોભાયમાન છે.

નદીયો—લુણી, કાળીસિંધ, પાર્વતિ, બતવા વીગેરે.

સરોવર—કાનોદ, સાંબર, સાર, વીગેરે છે.

વિભાગવાર શેહેરો

૧ ભાવલપુર............ભાવલપુર, ઉંચ, અહમદપુર ને ખાનપુર

૨ જેસલમેર.........જેસલમેર, કનોદ, બીરમસર

૩ વીકાનેર............વિકાનેર

૪ મારવાડ અથવા જોધપુર.........જોધપુર, નગર, પાલી

૫ સીરોહી.............સીરોહી ને આબું

૬ મેવાડ અથવા ઉદેપુર...ઉદેપુર, ચીતોડ ને સલુંબર

૭ અજમેર ને મેરવાડા...અજમેર ને નસીરાબાદ

૮ કીસનગઢ ....કીસનગઢ

૯ જેપુર ....જેપુર અંબર અને બૈરાટ

૧૦ અલવાર..............અલવાર ને ગંચેરી

૧૧ કેરૌલી ....કેરૌલી

૧૨ બુંદી..................બુંદી

૧૩ કોટા ....કોટા સગોઢ ને મુકંદરા

૧૪ ઝાલાવાડ..............ઝાલરાપટણુ ને શાહબાદ

૧૫ પ્રતાપગઢ..............પ્રતાપગઢ

૧૬ વાંસવાડા..............વાંસવાડા

૧૭ ડુંગરપુર..............ડુંગરપુર

સેહેરવાર પ્રખ્યાતી—જોધપુર તેમાં કાચનો ને હાથીદાંતનો સારો સામાન બને છે. બીકાનેરની સાંઢણીયો વખણાય છે. જેસલમીરમાં જૈન પુસ્તકનો ભંડાર છે. શિરોહીમાં તરવારો વખણાય છે. આબુ તીર્થની જગા છે. ઉદેપુર બરાસ નદી પર છે. તે ઉદેસીંહે વસાવેલ. ચીતોડ બરાસ પર છે. તેમાં ખીરાત કુંભ બંધાવેલ છે. જયપુર સારી બાંધણીને માટે વખણાય છે. નસીરાબાદમાં છાવણી છે. ડોંગરપુરની છબીઓ વખણાય છે. ટોંક મુસલમાની રાજધાની છે. ધોળપુર જાટ રાજાનું સંસ્થાન છે. અલવાડમાં એજંટ રહે છે. અજમેર ઇંગ્રેજી મુલકની રાજધાનીનું શેહેર છે.

નિકાસ—રત્ન, સોનું, રૂપું, તાંબુ, આરસ પહાણ, રૂ, શેરડી, તંબાકુ વીગેરે.

---

૭ પંજાબ.

હદ—ઉત્તરે કારાકોરમ પર્વત, કાશ્મીર ને હિમાલય પર્વત, દક્ષિણે રજપૂત સંસ્થાન ને સતલજ નદી. પૂર્વે વાવ્ય ખુણાના પ્રાંતો, ને પશ્ચિમે સુલેમાન પર્વત છે.

પર્વત—કારાકોરમ, શીવાલીક, સુલેમાન, મીઠાના ડુંગર વીગેરે.

નદી—સિંધુ, જેલમ, ચીનાબ, રાવી, બ્યાસ, સતલજ, જમુના, કાબુલ વીગેરે.

સરોવર—બુલર (કાશ્મીરમાં છે.)

દોઆબ—સિંધુ ને જેલમ વચ્ચે सिंघसागर. જેલમ ને ચીનાબ વચ્ચે जेच दुआब ચીનાબ ને રાવી વચ્ચે रचिना दोआब.

રાવી ને બીઆસ વચ્ચે बारी दोआब. બીઆ ને સતલજ વચ્ચે जालंदर दोआब.

વિભાગવાર શેહેરો.

૧ પંજાબ........... લાહોર, અમૃતસર, જલંધર મુલતાન, પેશાવર.
૨ સરહીંદ ... . લુદયાના, થાનેશ્વર, સરહીંદ ને પત્યાલા.
૩ દીલ્હી .... દીલ્હી, પાનીપત, રોહટક, ગુરગામ.

પ્રખ્યાતીવાળાં શેહેરો—લાહોર રાવી પર છે તેમાં શેતરંજી થાય છે. અમૃતશર રામદાસના બનાવેલ અમૃત સાગર સરોવર પર છે તે કાસ્મીરી શાલોને માટે જાણીતું છે. મુલતાન ચીનાબ પર છે, તે સુતરાઉ તથા રેશમી કાપડને માટે જાણીતું છે. આટક સિંધુ પર છે. જેલમ જેલમ પર છે, સરહીંદ જમનાને સતલજ વચ્ચે છે. શીમલા ને મરી, હવા ખાવાના ઠેકાણા છે.

નિકાસ—ઘઉં, તલ, શાક ભાજી, તંબાકુ, ગળી, ફટકડી, વીગેરે છે.

---

૮ વાયવ્ય પ્રાંત.

હદ—ઉત્તરે હિમાલય પર્વત ને નેપાળ દેશ. દક્ષિણે મધ્ય હિંદ એજંન્સી. પશ્ચિમે રજપૂતસ્થાન, ને પૂર્વે બહાર ને અયોધ્યા પ્રાંત.

પર્વત—હિમાલય ને શિવાલીક.

નદીઓ—ગંગા, જમના, ચંબલા, બટવા, રામગંગા ગોમતી, ઘોગરા, વીગેરે છે.

દેશી રાજયો—રામપુર ને તેહરી.

વિભાગવાર શેહેરો.

૧ બનારસ............ બનારસ, ગાજીપુર, ગોરખપુર, મિરજાપુર.
૨ અલ્હાબાદ......... અલ્હાબાદ. ફતેપુર. કલીંજર. ખાનપુર.કાલ્પી.
૩ આગ્રા......... { આગ્રા. કનોજ. ફરૂકાબાદ, મથુરા. અલીગઢ. કોઅલ.
૪ રોહિલખંડ ..... બરેલી, શાહજહાનપુર.
૫ મિરત......... ...મિરત, શાહરાણપુર, રૂડકી, આઉદ, હરદ્વાર.
૬ કમાઉન......... અલમોરા.

પ્રખ્યાતિવાળાં શેહેરો—બનારસ (કાશી) તીર્થની જગ્યા છે, ત્યાંનાં અબોટીયાં તથાદોપટા વખણાય છે. ગાજીપુરમાં અત્તર બને છે. ગોરખપુર જૈનધર્મની તિર્થની જગ્યા છે. મીરજાપુર રૂ, રેશમ, ને શેતરંજીને માટે જાણીતું છે. કાનપુર ને મીરતમાં કાંપ છે. આગ્રામાં તાજમેહેલ જોવા જેવો છે. મથુરાં, હરદ્વાર, બદ્રીનાથ. કેદારનાથ. તીર્થની જગ્યા છે. બરેલીમાં લોઢાનો સામાન થાય છે. વીગેરે.

નિકાસ—ઘઉં, જુવાર, બાજરો, કસુંબો, વીગેરે છે.

---

૯ અયોધ્યા પ્રાંત.

હદ—ઉત્તરે નેપાળ ને બાકી બધી તરફ વાવ્ય પ્રાંત છે.

નદીયો—રામગંગા, સઇ, ઘોગરા, રાપતી, વીગેરે છે.

પ્રખ્યાતવાર શેહેરો.

અયોધ્યા...... લખનોરુ ફૈજાબાદ, અયોધ્યા, ભારેચ, વીગેરે.

અયોધ્યામાં રામચંદ્રજીની રાજધાની હતી. લખનૌર ગોમતી પર ભરતને માટે જાણીતું છે. સિવાય ફૈઝાબાદ. સિતાપુર, શુલતાનપુર, રાયબરેલી, વીગેરે શેહેરો છે.

નિકાસ—ઘઊં, ધાન્ય, ખાંડ, તલ, દીવેલ, ચોખા, તંબાકુ, અફીણ, ગળી વીગેરે છે.

---

૧૦ બંગાળા ઇલાકો.

હદ—ઉત્તરે નેપાળ, સિક્કીમ ને ભૂતાન, દક્ષિણે બંગાળાનો ઉપસાગર, ઉત્તર સરકારને ઓઢીયા. પૂર્વે બ્રહ્મદેશ ને આરાકાન. પશ્ચિમે મધ્ય પ્રાંત, ને વાવ્ય ભણીના પ્રાંતો.

પર્વત—હિમાલયનો થોડો ભાગ, રાજમહાલનો, છોટા નાગપુરનો, ને ઓઢીયાના ડુંગરો છે.

નદીયો—ગંગા, ઘોઘરા, શોન. ગંડકી, કુશી, દામોદ્રા, ભાગીરથી, વૈતરણી, હુબલી, બ્રહ્મપુત્રા, સુરમા, મહાનદી, બ્રાહ્મણી, સુવર્ણરેખા, રૂપનારાયણ, તીસ્તા, વીગેરે છે.

દેશીરાજયો—સીક્કીમ, કુચબહાર, ખસ્યો, ગારો, મણીપુર, ને ટીપરા.

વિભાગવાર શેહેરો.

૧	બંગાળા..........	કલકત્તા, કાલના, મુર્શિદાબાદ, કાનપુર, બર્દવાન, ઢાંકા, ચિતાગાંગ.
૨	ઓરીસા............	કટક બાલાસુર, પુરી.
૩	બહાર............	પટણા, બહાર, ગયા, મોંગીર, રાજમેહેલ.

પ્રખ્યાતીવાળાં શેહેરો--કલકતા હુગલીનદીને કાંઠે તેમાં ગવરનર જનરલ રહે છે. ચંદ્રનગર ફ્રેંચને તાબે છે. શ્રીરામપર હુગલીપર છે. ચીનસુરા તેમાં મોટી બરાકો છે. દાર્જીલીંગ હવા ખાવાનું ઠેકાણું છે. મુર્શીદાબાદ તેમાં રેશમના તથા ગાલીચાના કારખાનાં છે ઢાંકાનો મલમલ વખણાયછે. બુરાનપુરને દીનાપુરમાં કાંપ છે. પ્લાસી લડાઇને માટે પ્રખ્યાત છે. બરદ્વાન દામોદ્રા ઉપર છે. રાણીગંજમાં કોયલાની ખાણો છે. કટક મહા નદીપર છે. બાલાસૂર બંદર છે જગનનાથપુરી જાત્રાતું ઠેકાણું છે. પટણા ગંગાને કાંઠે જરી કાપડને માટે પ્રખ્યાત છે. મોંગીરમાં લોઢાના હથીઆરના કારખાનાં છે. ભાગલપુર, રાજમહાલ, અકરાબાદ, ને બકશર એ ચાર નગર ગંગાને કાંઠે છે.

નીકાશ—ચોખા, નારંગી, નાળીએર, અફીણ, શણ, રેશમ વીગરે.

---

૧૧ આશામ

હદ—ઉતરે ભુતાન, દક્ષિણે તથા પશ્ચિમે બંગાળા ઇલોકો ને પુર્વે મણીપુરનું રાજ્ય ને બ્રહ્મદેશ

પર્વત—ગારો, ખસ્ય ને હિમાલય,

નદીયો—બ્રહ્મપુત્રા, આનસ, સુવાન, સીરે, સુરમા વીગેરેછે.

વિભાગવાર શેહેરો

આશામ.........ગૌહાતી નીઓગાવ

પ્રખ્યાતિવાળાં શેહેરો—ગૌહાતી બ્રહ્મપુત્રાપર તેમાં આ

થાય છે. નીઓગાવ બ્રહ્મપુત્રાપર છે સિવાય સિલહટ, ઝેત્યાપુર, દરંગ તેજપુર, વીગેરેછે.

નીકાશ—કોયલા, લોઢું, ચુનાના પથ્થર, રેશમના વણાટ, ઇ-મારતી લાકડું રબર વીગેરે છે.

---

૧૨ સ્વતંત્ર પહાડી સંસ્થાનો

નેપાલ—

હદ—ઉત્તરે હિમાલય પર્વત, દક્ષિણે અયોધ્યા, વાવ્યપ્રાંત, બંગાળાનો થોડો ભાગ. પશ્ચિમે કમાઉનપ્રાંત,, પુર્વે સિકીમનું રાજ્ય ને બંગાળા—

પર્વત—હિમાલયના શિખર એવરેસ્ટ, ધવલગીરી, ગૌરીશંકર કાંચનગંગા વીગેરેછે.

નદીયો—મહાનકુશી, ત્રીશુલગંગા

શેહેરો—ખટમાંડુ એ બીશ્નમતીપર છે. ગુરખા તે ગુરખીનું મુખ્ય શેહેર છે. જનકપુર ત્યાં સિતાના બાપ જનકની રાજધાની હ-તી. સિવાય લલીતપુર અમરાપુર, વીગેરેછે.

નીકાશ—ધાતુની ખાણો ઘણી છે.

ભુતાન—

આ રાજ્ય પહાડી છે, તેનુ મુખ્ય શેહેર ટયાશીટયુડન છે, તેમાં બૌધ_ધર્મ માનનારાની સંખ્યા ઘણી છે.

૧૪ પરદેશી સંસ્થાનો.

ફીરંગીના સંસ્થાન—દીવ, દમણ ને ગોવા.

ફ્રેંચને તાબે—પોંદીચેરી, કારીકલ, માહી, ચંદ્રનગર યાનાન.

હબશી રાજ્ય—જાફરાબાદ ને ઝંઝીરા.

બ્રહ્મદેશ.

આમાં મોટી નદી ઇરાવતી છે.

પ્રાંતવાર શેહેરો

આરાકાન..........આરાકાન, અકયાબ.

પેગુ...............પેગુ, રંગુન, માર્ટાબાન, પ્રોમ.

ટેનાસરીમ........માઉલમેન; આમહર્સ્ત, ટેવ્હાય, ટેનાસરીમ.

લંકા—સિંહલદ્વિપ

આ બેટ હિંદુસ્તાનની દક્ષિણે છે તેની ચોમેર દરીયો છે.

મુખ્ય શેહેર—કોલંબો છે. પોઇંટડીગાલ બંદર છે.

સામુદ્રધુની—મનારની

આંહી હાથીની નીપજ ઘણી છે—તેથી હાથીદાંતનો મોટો વેપાર ચાલે છે.

પરીક્ષામાં પુછવાના ગામ નદી વીગેરે.

નદીયો

ગોદાવરી
કૃષ્ણા
કાવેરી
પન્નેર
પન્નાર
પુન્નાર
તુંગભદ્રા
ગોદાવરી
ભીમા
માંજરા
પેનગંગા
વર્ધા
મુસી
નર્મદા
તાપી
મહી
વર્ધા
વાઈનગંગા
ચંબલ
સિંધ
બેતવા
ક્ષિપ્રા
સોણ
કેન
લુણી
કાલી
પારવતી
સિંધુ
જેલમ
ચિનાબ
રાવી
સતલજ
બ્યાસ
ધારા
જમના
કાબુલી
ગંગા
ચંબલા
રામગંગા
ગોમતી
ઘોગરા
સર્ઈ
રાપતી
સોણ
ગંડકી
કુશી
દામોદ્રા
ભાગીરથી
વૈતરણી
હુબલી
બ્રહ્મપુત્રા
સુવર્ણરેખા
રૂપનારાયણ
તીસ્તા
આનસ
સુવાન
શિરે
સુરમા
ઇરાવતી
સાબરમતી
લુણી
પેનગંગા
મહી
મુળામૂઠા
ઘટપ્રભા
મલપ્રભા
કાવેરી
દુધના
પુર્ણા
ગંડલકામા
ઢાઢર
કીમ
ભાદર
શેત્રુંજી
આજી

શેહેરો

ગંતુર
મચ્છલીપટણ
રાજમેંહેદ્રી
વિશાખાપટણ
વિજયનગર
શ્રીકાકોલમ
ગંજામ
તુતુકોડી
મદ્રાસ
નેલુર
ચીંગલપર
પોંદીચેરી
તંજુર
ત્રીચીનાપલ્લી
ગડલુર
કડપા
કડલુર
કોઈબતુર
હોસુર
સાલેમ
કાલીકટ
માલેગામ
નાશીક
સતારા
સોલાપુર
પુના
કરાંચી

કોચીન	અકલકોટ	કલ્યાણી	બીરસીયા
તાલીચેરી	કુલબર્ગ	રાયચુર	જાવડા
કાનાનુર	રાયચુર	મુગદલ	જાંબુઆ
મંગલુર	રાયગઢ	હૈદરાબાદ	ભાવલપુર
હોનાવર	જયપુર	ગોવલકોંડા	ઝાંસી
મધુરા	નાગપુર	વરંગુલ	દત્યા
વેલુર	કમ્પ્ત	બેદર	અમરઝેર
તીનવલ્લી	બેડાર	કુલબર્ગ	પન્ના
ડીંડીગલ	ચાંદા	ઔરંગાબાદ	ચંદેરી
ચેલુર	હીંગણઘાટ	જાલના	ખાનપુર
યાનાન	બુરાનપુર	મેકર	રેવા
બલ્લારી	હુસંગાબાદ	બસીમ	તેહેરી
કર્નુલ	બૈતુલ	માટુર	જોધપુર
ત્રાંકવીબાર	ચીંદવાડા	ઈલીચપુર	બીકાનેર
ઉતકમંડ	જબલપુર	દોલતાબાદ	તલવાર
મૈસુર	સેઓણી	વરંગુલ	આબુ
શ્રીરંગપટ્ટણ	દુમોહ	ગોવાલીયર	ઉદેપુર
બંગલુર	સાગર	મંડેસર	ચીતોડ
ત્રીચુર	રાયપુર	ઉજ્જન	જયપુર
કરંગાનુંર	રતનપુર	નિમચ	નસીરાબાદ
ત્રીવાદ્રમ	બેલાસપુર	ઇંદોર	ભરતપુર
અંજુટેંગા	સંબલપુર	માંડુ	અલવર
અલ્લીપલ્લી	જગદલપુર	રાજપુર	પ્રતાપગઢ
પુડુકોટા	કામટી	ધાર	જાલરાપટ્ટણ
જયપુર	છીંડવાડા	ભોપાલ	કીસનગઢ
રાયગઢ	અકોલા	રતલામ	અંબર
વરંગુલ	ઉમરાવતી	શીહુર	પાલી
કનમોર	નલદુર્ગ	ઉંચ	શિરોહી
મુંબાઇ	માલેગામ	નાશીક	સતારા

ફીરોલી	શ્રીનગર	ઢાંકા	અકયાબ
શાહબાદ	લે	જગનનાથ	પેગુ
મુકંદરા	લાડક	રાણીગંજ	ગાટીબાન
વાંસવાડા	મીરત	ભાગલપુર	પ્રોમ
ડુંગરપુર	કાનપર	ચીનસુરા	ટેન્હાય
સંબલપુર	બદ્રીનાથ	બકસર	મૃગવી.
ગોવાલીયર	કેદારનાથ	ભાગલપુર	ટેનાસરીમ
ટોંક	હરદ્વાર	મોંગીર	હેદરાબાદ
અજમેર	આગ્રા	પટણા	અમદાવાદ
લાહોર	મીરઝાપુર	પ્લાસી	ભરૂચ
અમૃતસર	ફૈઝાબાદ	કાલના	નવસારી
અટક	ગોરખપુર	મુર્શીદાબાદ	વડોદરા
લુધીયાના	કેદારનાથ	ચીતાગાંગ	રાજકોટ
થાનેશ્વર	મથુરા	ઢાકા	ભાવનગર
કર્નોલ	બરેલી	ગોહાતી	ખૈરપુર
દીલ્લી	શાહજહાનપુર	નૈઓગામ	શીકારપુર
પાણીપત	અલહાબાદ	બહાર	ભુજ
રોહટક	કલીંજર	કાનપર	માંડવી
ગુરગાંવ	કાલ્પી	ફરૂકાબાદ	વેરાવળ
શમલા	કનોજ	ફત્તેપુર	વડનગર
મરી	ફૈઝાબાદ	બરેલી	વીસનગર
ઇસલામાબાદ	સીતાપુર	શાહજાનપુર	સુરત
જાંમુ	સુલતાનપુર	મીરત	જુનાગઢ
ડેરાગાઝીખાન	કટક	રૂડકી	પાલણપુર
ડેરાઇસ્માલખાન	મણીપુર	આઉદ	ડીસા
ગુજરાત	કલકત્તા	અલમોરા	સાવંતવાડી
મરી	શ્રીરામપુર	બારેચ	મીરજ
કાશ્મીર	ચીનસુરા	આરાકાન	રત્નાગીરી
સોલાપુર	પુના	કરાંચી	

જાહેર ખબર

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે ભાવનગર રૂપાં- રીના દરવાજા પાસેની મારી દુકાનેથી આ બુક તેમજ સંસ્કૃત ફારસી ઉર્દુ ગુજરાતી હિંદી વીગરે તમામ જાતની ડેપોની વારતાની ને શા- સ્ત્રોની બુકો વેચાતી મળશે સામટી લેનારને રૂબરૂમાં મળવું આ પોસ્ટપેડ પત્રથી ખબર લખી બંદોબસ્ત કરવો.

વોહોરા. અબદુલહુશેન આદમજી

બુકસેલર

ભાવનગર.

આ બુક નીચે લખેલે ઠેકાણેથી મળશે.

મુંબાઈ	જમનાદાસ ભગવાનદાસની કુ૦
સુરત	નગીનદાસ ફકીરભાઇ
ધોરાજી	લીલાધર રઘનાથ
અમદાવાદ	મહાદેવ રામચંદ્ર
બગશરા	વીયાસ કાલીદાસ વાલજી
તલાજા	મેહેતા સાંમજી ગાંડા
અમરેલી	કામેશ્વર ઓઢવજી
ગોધા	જુશબ બેગા
જુનાગઢ	ગોવંદજી નારણજી